વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર
@dailypulsenews24
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશ.

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ ✧ R.N.I. NO : GJGUJ/25/A1447

Year : 1 • Issue : 11 • Date :- 12-09-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

✧ વર્ષ : ૦૧ ✧ અંક : ૧૧ ✧ તા. ૧૨-૦૯-૨૦૨૫ શુક્રવાર ✧ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- ✧ છુટક નકલ : કિંમત રૂા. ૨/- ✧ ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

## વડોદરામાં સબસિડીવાળા ઘરેલુ ગેસનો કાળોબજાર: તંત્રની બેદરકારી કે મિલીભગત?

વડોદરા,

વડોદરા શહેરમાં સબસિડીવાળા ઘરેલુ ગેસ સિલિન્ડરોનો કાળોબજાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. સામાન્ય ગ્રાહકોને સિલિન્ડર મેળવવા માટે મહિનાઓ સુધી ગેસ એજન્સીઓના ધક્કા ખાવા પડે છે, જ્યારે બીજી તરફ, ફૂડ કાર્ટ, રેસ્ટોરાં, અને હોટેલો જેવા વ્યાપારી એકમોમાં આ જ સબસિડીવાળા સિલિન્ડરોનો બેરોકટોક ઉપયોગ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ શહેરના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે મોટી મુશ્કેલી ઊભી કરી રહી છે અને સરકારને સબસિડીના રૂપમાં કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડી રહી છે.

શહેરના અનેક વિસ્તારો, ખાસ કરીને સયાજીગંજ ડેરીડેન, ફતેગંજ, વારસિયા, રાત્રિબજાર, સુસેન અને સુરસાગર જેવા ફૂડ હબ્સમાં રાત્રે ચાલતી લારીઓ અને દુકાનોમાં વાદળી રંગના કોમર્શિયલ સિલિન્ડરોને બદલે લાલ રંગના ઘરેલુ સિલિન્ડરોનો ખુલ્લેઆમ ઉપયોગ થતો જોવા મળે છે. આ દ્રશ્યો શહેરમાં ચાલી રહેલા મોટા કૌભાંડનો પર્દાફાશ કરે છે, જેમાં ગેસ એજન્સીઓ સીધા ગ્રાહકોને સિલિન્ડર આપવાને બદલે ઊંચા ભાવે કાળાબજારમાં વેચી રહી છે.નિયમો અનુસાર, વ્યાપારી હેતુઓ માટે કોમર્શિયલ ગેસ સિલિન્ડરોનો ઉપયોગ કરવો ફરજિયાત છે, જેના પર સરકાર સબસિડી આપતી નથી. તેમ છતાં, મોટાભાગના વ્યાપારી એકમો સબસિડીવાળા ઘરેલુ સિલિન્ડરોનો ઉપયોગ કરીને પૈસા બચાવે છે. આ પ્રવૃત્તિને કારણે, જે નાગરિકોને ખરેખર સબસિડીની જરૂર છે તેમને મળતી નથી અને તેમને સામાન્ય બજાર ભાવે સિલિન્ડર ખરીદવાની ફરજ પડે છે.

**તંત્રની બેદરકારી પર સવાલ**

આટલા મોટા પાયે ચાલતા કાળાબજાર પર સ્થાનિક તંત્રની આંખ કેમ મિચાઈ રહી છે, તે એક મોટો સવાલ છે. શું આ કૌભાંડ તંત્રની મિલીભગત વગર શક્ય છે? આ કૌભાંડમાં માત્ર ગેસ એજન્સીઓ જ નહીં, પણ સ્થાનિક વહીવટી તંત્રના કેટલાક અધિકારીઓની પણ સંડોવણી હોઈ શકે છે. આ મામલે સરકાર દ્વારા તાત્કાલિક અને કડક તપાસની જરૂર છે. જો સમયસર પગલાં લેવામાં નહીં આવે તો આ કૌભાંડ વધુ મોટું સ્વરૂપ ધારણ કરશે અને સરકારી તિજોરીને મોટું નુકસાન થશે.

આ મામલે તંત્રએ તત્કાળ સબસિડીવાળા ગેસ સિલિન્ડરોના દુરુપયોગની તપાસ શરૂ કરવી જોઈએ અને કાયદાનું ઉલ્લંઘન કરનારા વ્યાપારીઓ અને ગેસ એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. સામાન્ય નાગરિકોને ન્યાય મળે અને કાળાબજાર સંપૂર્ણપણે બંધ થાય તે સુનિશ્ચિત કરવું તંત્રની પ્રાથમિક જવાબદારી છે.



આ કૌભાંડથી નાગરિકોમાં રોષ ભભૂકી રહ્યો છે. તેઓ માગ કરી રહ્યા છે કે આ મામલે ઉચ્ચસ્તરીય તપાસ થાય અને દોષિતોને કડકમાં કડક સજા મળે. શહેરમાં ચાલી રહેલો આ ગેસનો કાળોબજાર માત્ર આર્થિક ગુનો જ નહીં, પરંતુ સરકારની નીતિઓ અને નાગરિકોના અધિકારોનું પણ ઉલ્લંઘન છે.

## ઈસુદાન ગઢવીએ રાજકોટમાં સરકાર પર કર્યા આકરા પ્રહારો, આગામી ચૂંટણીઓમાં મજબૂત લડતનો સંકેત

રાજકોટ: આમ આદમી પાર્ટી (AAP)ના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ આજે રાજકોટની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ભાજપ સરકાર પર અનેક મુદ્દાઓ પર આકરા પ્રહારો કર્યા. ખાસ કરીને વિદ્યાર્થીઓ, યુવાનો અને ખેડૂતોના પ્રશ્નોને લઈને તેમણે સરકારની નિષ્ફળતા અંગે ટીકા કરી. ગઢવીએ યુવાનોને નવા રાજકારણનો પાયો નાખવા માટે અપીલ કરી હતી.

**ચૂંટણીઓ અને (AAP) ની રણનીતિ**

ઈસુદાન ગઢવીએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, આમ આદમી પાર્ટી ગુજરાતની તમામ નગરપાલિકાઓ, મહાનગરપાલિકા ઓ, તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ સંપૂર્ણ તાકાત સાથે લડશે. તેમણે ભાજપ અને કોંગ્રેસ પર આક્ષેપ કરતા કહ્યું કે, આ બંને પક્ષો માત્ર પોતાના સગા-સંબંધીઓને જ ટિકિટ આપે છે, જ્યારે સામાન્ય કાર્યકર્તાઓને માત્ર "ગાભા સાફ" કરવાનું કામ સોંપવામાં આવે છે. છઇઁ આથી વિપરીત, સામાન્ય પરિવારોને નેતૃત્વની તક આપીને નવા રાજકારણનો પ્રારંભ કરશે.

**હેલ્મેટ અને રસ્તાઓના મુદ્દે સરકાર પર નિશાન**

રાજકોટમાં ચાલી રહેલા હેલ્મેટ કાયદા અને રસ્તા પરના ખાડાઓના વિવાદ પર પણ ગઢવીએ પ્રતિક્રિયા આપી. તેમણે સરકાર પર નિશાન સાધતા કહ્યું કે, પ્રજાને કાયદાઓનું પાલન કરવા દબાણ કરવામાં આવે છે, પરંતુ સરકાર પોતે પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ રહી છે. તેમણે વ્યંગ કરતા કહ્યું કે, "જ્યારે રસ્તા પર ખાડા પડે, ત્યારે મુખ્યમંત્રી અને ખાડા મંત્રીએ રાજીનામું આપવું જોઈએ." ગઢવીએ એવું પણ કહ્યું કે, શહેરના રસ્તાઓ પર ૪૦-૫૦ની ઝડપે હેલ્મેટની કોઈ જરૂર નથી અને હેલ્મેટ કરતાં તો ખાડાઓને કારણે વધુ લોકોના જીવ જોખમમાં છે.

**ખેડૂતોની સમસ્યાઓ પર આલોચના**

ખેડૂતોના મુદ્દે પણ ગઢવીએ ભાજપ સરકારની આલોચના કરી. તેમણે જણાવ્યું કે, આ વર્ષે ઓછા વરસાદને કારણે ખેડૂતોની હાલત અત્યંત ખરાબ છે, તેમ છતાં સરકાર દ્વારા તેમને કોઈ મદદ મળી રહી નથી. આ નિવેદનોથી તેમણે ખેડૂતોની વેદનાને વાચા આપી.




## વડોદરા મહાનગરપાલિકામાં આશા વર્કર બહેનોનો રોષ, 'ઈન્સેન્ટિવ પ્રથા બંધ કરો'ના નારાથી હડકંપ

વડોદરા:

પોતાની વિવિધ માંગણીઓ અને પગાર સંબંધિત સમસ્યાઓથી કંટાળેલી વડોદરાની આશા વર્કર બહેનોએ આજે મહાનગરપાલિકાની કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન એટલું ઉગ્ર બન્યું હતું કે પાલિકાના સત્તાધીશોએ મુખ્ય ગેટ બંધ કરી દેવાની ફરજ પડી હતી. જોકે, આનાથી મહિલાઓ વધુ રોષે ભરાઈ હતી અને તેમણે ગેટ પર ચઢીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.આશા વર્કર બહેનોની મુખ્ય માંગણીઓમાં 'ઈન્સેન્ટિવ પ્રથા બંધ કરો' અને 'સમાન કામ, સમાન વેતન'નો સમાવેશ થાય છે. આશા વર્કર પાયલબેન વણઝારાના જણાવ્યા મુજબ, તેમને પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, નમોશ્રી યોજના, આયુષ્માન કાર્ડ, આભા કાર્ડ અને એચઆઈ એમએસ જેવી યોજનાઓનું સાત મહિનાથી વળતર મળ્યું નથી. તેમણે વધુમાં કહ્યું કે, તેમને ૨૫ ટકા એટલે કે ?૨૫૦૦નું વળતર પણ મળ્યું નથી અને સમયસર પગાર ન મળવાથી તેઓ ખૂબ કંટાળી ગયા છે.આશા વર્કર આગેવાન ચંદ્રિકાબેન સોલંકીએ જણાવ્યું કે, ફિલ્ડમાં કામ કરતી ગરીબ બહેનોને ?૫૦૦૦નો પગાર પણ મળતો નથી, જ્યારે અધિકારીઓ એસી ઓફિસમાં બેસીને લાખો રૂપિયાનો પગાર લે છે. તેમણે આક્ષેપ કર્યો કે 'અંગ્રેજો પણ આટલું ભયંકર શોષણ નહોતા કરતા'. આ વિરોધમાં લગભગ ૫૦૦થી ૬૦૦ આશા વર્કર્સ જોડાઈ હતી. તેમની માંગ છે કે ઈન્સેન્ટિવ સિસ્ટમ બંધ કરવામાં આવે, લઘુત્તમ વેતન આપવામાં આવે, બાકી રહેલું વળતર ચૂકવવામાં આવે અને ટેકનિકલ સમસ્યાઓનું નિરાકરણ લાવવામાં આવે. જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો વધુ ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.



## લગ્નની લાલચ આપી શારીરિક સંબંધ, સયાજી હોસ્પિટલના ડોક્ટર સામે દુષ્કર્મનો ગુનો

વડોદરા:

વડોદરાની સર સયાજી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર મનોચિકિત્સક ડો. ચિરાગ બારોટ સામે એક મહિલા તબીબે દુષ્કર્મની ગંભીર ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી ગઈ છે. ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી આ ફરિયાદ મુજબ, ૫૪ વર્ષીય ડો. બારોટે એક કાર્યક્રમ દરમિયાન ૪૩ વર્ષીય પીડિત મહિલા તબીબ સાથે સંપર્ક સાધ્યો હતો. પીડિતા ડિવોર્સી છે જ્યારે ડો. બારોટ પરિણીત છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૦૮માં સંપર્કમાં આવ્યા બાદ ડો. બારોટે પીડિતા સાથે નિકટતા વધારી હતી અને પોતાની પત્નીને છૂટાછેડા આપી પીડિતા સાથે લગ્ન કરી લેવાના વાયદા કર્યા હતા. આ વાયદાના આધારે તેઓએ શારીરિક સંબંધો પણ બાંધ્યા. પીડિતાના પતિ સાથે વર્ષ ૨૦૧૦માં છૂટાછેડા થયા બાદ ડો. બારોટે વારંવાર મળીને શારીરિક



સંબંધો બાંધવાનું ચાલુ રાખ્યું.

સમય વીતતા, ડો. બારોટે લગ્ન કરવાનો વાયદો પૂર્ણ ન કર્યો અને પીડિતાને અન્ય કોઈની સાથે સંબંધ ન રાખવા માટે પણ દબાણ કર્યું. આખરે, શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળીને મહિલા તબીબે ડો. બારોટ સામે ફરિયાદ નોંધાવી. પોલીસે આ ગંભીર મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

## GFL કંપનીમાં ગેસ લીકેજની ઘટના, એકનું મોત અને ૧૨ કામદારોને અસર

પંચમહાલ:

પંચમહાલ જિલ્લાના રણજિતનગર ગામમાં આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ કંપની (ય્હ્લન) માં એક ગંભીર ઘટના બની છે. કંપનીમાં અચાનક ઝેરી ગેસ લીક થતા સ્થળ પર કામ કરી રહેલા ૧૨ જેટલા કામદારોને તેની અસર થઈ હતી. આ તમામને તાત્કાલિક હાલોલની વિવિધ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન આ ૧૨ અસરગ્રસ્ત કામદારોમાંથી એકનું દુ:ખદ અવસાન થયું છે, જ્યારે અન્યની સારવાર ચાલી રહી છે. શરૂઆતમાં આ ઘટના અંગે બોઈલર ફાટ્યા બાદ ગેસ લીકેજ થયો હોવાના સમાચાર સામે આવ્યા હતા, જેના કારણે વાતાવરણમાં ભયનો માહોલ ફેલાયો હતો. જોકે, જિલ્લા પોલીસ અધિક્ષકે આ વાતને નકારી કાઢીને માત્ર ગેસ ગળતરની ઘટના બની હોવાનું સ્પષ્ટ કર્યું છે. આ ઘટના પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ દુર્ઘટનાએ કંપનીની સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલો ઉભા કર્યા છે.



## તંત્રી લેખ


# ભારતીય સેમિકન્ડક્ટર ક્રાન્તિ

ભારત માટે સેમિકન્ડક્ટર ક્ષેત્રે છલાંગ લગાવવી આમ તો બહુ આસાન છે પણ મહાભારતના યુદ્ધમાં જે દિવસે પુત્ર અભિમન્યુ હણાયો તે દિવસે અર્જુન સ્વર્ગમાં દિવ્ય અસ્ત્ર-શસ્ત્ર લેવા ગયો હતો. ભારતની હાલત અત્યારે એવી છે કે અતિશય વિદ્વત્તાપૂર્ણ બુદ્ધિધન દેશની બહાર ગયું છે અને અહીં દેશ વિવિધ મોરચે રણસંગ્રામ જેવી દશામાં છે. છતાં રાજકીય સંકલ્પ દ્રઢ હોવાથી અને મોદી માટે વાત વટે ચડેલી હોવાથી એનું ચોક્કસ પરિણામ આવશે. આ અઠવાડિયે નવી દિલ્હીમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગના ખેલાડીઓ સાથે વાતચીત કરતી વખતે વડાપ્રધાને કહ્યું કે આગામી વર્ષોમાં ભારત આ ક્ષેત્રમાં નોંધપાત્ર હિસ્સો મેળવશે. તેઓ ભારતના સેમિકન્ડક્ટર મિશન વિશે વાત કરી રહ્યા હતા જેને ડિસેમ્બર ૨૦૨૧માં કેન્દ્રીય મંત્રીમંડળે મંજૂરી આપી હતી. હવે આ મિશનના બીજા તબક્કાનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને સરકારે કહ્યું છે કે તે તેના માટે સહાયક વાતાવરણ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.આધુનિક વિશ્વની ચાવી એટલે સેમિકન્ડક્ટર્સ. આ નરી આંખે પણ ન દેખાતા કે માંડ દેખાતા સેમિકન્ડક્ટર્સ એ બનાવટ છે કંડક્ટર અને ઈન્સ્યુલેટરની વચ્ચે રહે છે અને વીજળીના પ્રવાહને ચોકસાઈથી નિયંત્રિત કરે છે. સેમિકન્ડક્ટર્સ ના હોત તો આ ડિજિટલ યુગ આવ્યો ન હોત. ખિસ્સામાં રહેલા સ્માર્ટફોનથી લઈને પૃથ્વીની પરિક્રમા કરતા ઉપગ્રહો સુધી સેમિકન્ડક્ટર્સની બધી જ જગ્યાએ જરૂરિયાત છે. પાવર અને કનેક્ટિવિટી વિના જગત ચાલે નહીં અને તે બંને જરૂરિયાત સેમિકન્ડક્ટર્સ પુરી કરી આપે છે. તે ફક્ત સિલિકોન અથવા ગેલિયમ આર્સેનાઈડનું બનેલું મટીરીયલ નથી, પરંતુ એ વસ્તુ છે જેની પર માઈક્રોચિપ્સ કોતરવામાં આવે છે, ટ્રાન્ઝિસ્ટર બનાવવામાં આવે છે. સમગ્ર અર્થતંત્ર સેમિકન્ડક્ટર્સ પર આધાર રાખે છે. તેમની નાની સર્કિટમાં લેટેસ્ટ ટેકનોલોજી, ઈનોવેશન, રાષ્ટ્રોની સુરક્ષા અને માનવ પ્રગતિનો માર્ગ નક્કી કરવાની શક્તિ રહેલી છે. સેમિકન્ડક્ટર મિશનને સરકાર તરફથી અન્ય કોઈ પણ પ્રકારની સહાય કરતાં ઘણી વધુ સબસિડી મળી છે. અને હજુ વધુ સબસિડી સરકારના કહેવાથી કેટલાક કોર્પોરેટ જાયન્ટ પણ આપશે. એવી અપેક્ષા છે કે બીજા તબક્કામાં આવરી લેવામાં આવેલા નાના અને મધ્યમ ઉદ્યોગોને તેમના મૂડી ખર્ચમાં ઓછી મદદની જરૂર પડશે.ઘણા રોકાણકારો દ્વારા સ્થાનની પસંદગી તેમને કેવા પ્રકારનું વાતાવરણ મળી શકે છે તેના પર નિર્ભર હોય છે. ઉદાહરણ તરીકે, ભય્ અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ (તાઈવાનની પાવરચિપ સાથે) બંનેએ ગુજરાતમાં દહેજ કેમિકલ્સ ક્લસ્ટર નજીક બાંધવામાં આવનાર પ્લાન્ટમાં રોકાણ કર્યું છે. આ મિશનને કેટલીક નોંધપાત્ર પ્રારંભિક સફળતાઓ પણ મળી છે. એક પ્રોજેક્ટની પાયલોટ લાઈન પૂર્ણ થઈ ગઈ છે. આ પ્રોજેક્ટ મુખ્યત્વે સીજી પાવર અને ઈન્ડસ્ટ્રિયલ સોલ્યુશન્સની માલિકીનો છે, જેને જાપાન તરફથી ટેકનિકલ સપોર્ટ મળે છે. આ પ્રોજેક્ટ હેઠળ ભારતમાં બનેલી પહેલી ચિપ્સ પ્રધાનમંત્રીને રજૂ કરવામાં આવી છે. મિશનના બીજા તબક્કામાં યોગ્ય વાતાવરણ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું એ એક કુદરતી સંક્રમણ છે. આ માટે રૂ. ૭૬,૦૦૦ કરોડની પ્રારંભિક બજેટ ફાળવણીનું પુનરાવર્તન થવાની શક્યતા ઓછી લાગે છે. એવી અપેક્ષા છે કે બીજા તબક્કામાં આવરી લેવામાં આવેલા નાના અને મધ્યમ ઉદ્યોગોને તેમના મૂડી ખર્ચમાં ઓછી મદદની જરૂર પડશે.ઘણા રોકાણકારો દ્વારા સ્થાનની પસંદગી તેમને કેવા પ્રકારનું વાતાવરણ મળી શકે છે તેના પર નિર્ભર હોય છે. ઉદાહરણ તરીકે, ભય્ અને ટાટા ઈલેક્ટ્રોનિક્સ (તાઈવાનની પાવરચિપ સાથે) બંનેએ ગુજરાતમાં દહેજ કેમિકલ્સ ક્લસ્ટર નજીક બાંધવામાં આવનાર પ્લાન્ટમાં રોકાણ કર્યું છે. આનાથી તેમને ચિપ ઉત્પાદન પ્રક્રિયા માટે જરૂરી લગભગ ૨૫૦ ઘટકતત્ત્વો પૂરા પાડશે. આવા વિકલ્પો ટકાઉ પ્રણાલીની હિમાયત કરે છે અને આવી પરિસ્થિતિમાં, સરકારી સમર્થન અનિવાર્ય લાગે છે. જોકે, સરકારે ઘણા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ. સૌપ્રથમ, સહકારનું સ્વરૂપ વ્યૂહાત્મક હોવું જોઈએ. ભારત સમગ્ર સપ્લાય ચેઈનને સ્થાનિક બનાવવાનું વિચારી શકતું નથી. આ મિશનમાં એવા ચોક્કસ ક્ષેત્રોને પ્રોત્સાહનો આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જ્યાં વિદેશી નિર્ભરતા, ખાસ કરીને ચીન પર, એક વ્યૂહાત્મક જોખમ તરીકે જોઈ શકાય. એ જ રીતે એક અનુમાનિત વિદેશી વેપાર નીતિ પણ એટલી જ મહત્વપૂર્ણ છે. આનાથી રોકાણકારોને ખાતરી મળી શકે છે કે અન્ય ભૂ-રાજકીય મુદ્દાઓ ઉભરી આવે તો પણ પુરવઠા શૃંખલા ખોરવાશે નહીં. આવી નીતિઓ રાજકીય ઈચ્છાશક્તિથી મળે છે અને તેને સેમિકન્ડક્ટર મિશનનો મુખ્ય ભાગ ગણવો જોઈએ. કેબિનેટને ભંડોળ મંજૂર કરવામાં અને પ્રથમ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં ૧૮ મહિના લાગ્યા. તેની સરખામણીમાં, ઈઝરાયલે ૨૦૨૩ માં ઈન્ટેલ માટે માત્ર છ મહિનામાં ૩.૨ બિલિયન ડોલર મંજૂર કર્યા, અને તે પછી પણ તેણે આને ખૂબ લાંબો સમય માન્યો અને ટેકનિકલ ઉદ્યોગોની ક્ષમા ચાહી. આ ઈઝરાયેલનું કલ્ચર છે.

### અત્યાચાર સહન નહીં કરીએ

# ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલી વધી, અમેરિકન્સ માર્ગો પર ઉતર્યા

## ટેરિફ વિવાદ, ભારત સાથે વણસી રહેલા સંબંધો, અને વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવાના નિર્ણયોથી ભારે વિરોધ



વોશિંગ્ટન,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના આકરા નિર્ણયોના કારણે અમેરિકામાં જ વિવાદનું કારણ બન્યા છે. ટેરિફ વિવાદ, ભારત સાથે વણસી રહેલા સંબંધો, અને વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવાના નિર્ણયોથી ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે. રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવાના પ્રયાસો વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારે વિરોધનો સામનો કરી રહ્યા છે.

વોશિંગ્ટન ડીસીમાં ટ્રમ્પની વિરૂદ્ધ મોટી સંખ્યામાં લોકોએ દેખાવો કર્યા છે. 'ફ્રી ડીસી', 'અત્યાચારોનો વિરોધ કરીશું', 'ટ્રમ્પ હવે તમારે આવવુ પડશે' જેવા સુત્રોચ્ચાર સાથે મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતર્યા છે. તેઓ વોશિંગ્ટન ડીસીમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવાના ટ્રમ્પના નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે.

વિરોધ પ્રદર્શનકારીઓએ જણાવ્યું છે કે, પ્રમુખ ટ્રમ્પ નેશનલ ગાર્ડ્સ તૈનાત કરી સ્થાનિક વહીવટીતંત્રને પોતાના અંકુશમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેનાથી શહેરવાસીઓમાં અસંતોષ ફેલાયો છે. પરંતુ ટ્રમ્પે દાવો કર્યો છે કે, તેમના આ પગલાંથી સામાન્ય લોકોને ફાયદો થશે, અને ગુનાનો દર ઘટશે.

બીજી તરફ દેખાવકારોએ તેમના આ આદેશને કાઈમ ઈમરજન્સી જાહેર કર્યો છે. આ નિર્ણયને પાછો ખેંચવાની માગ સાથે રસ્તા પર ઉતર્યા છે. ટ્રમ્પ વિરોધી સુત્રોચ્ચાર સાથે વ્હાઈટ હાઉસ સુધી વિરોધ રેલી યોજી હતી.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે છેલ્લા ત્રણ મહિનામાં વોશિંગ્ટન ડીસી, લોસ એન્જલ્સ, અને શિકાગોમાં નેશનલ ગાર્ડ્સ તૈનાત કરવામાં આવ્યા છે. ૧૯ જિલ્લામાં આશરે ૧૭૦૦ નેશનલ ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. પ્રમુખ ટ્રમ્પે આ નિર્ણય પાછળનું કારણ ગુનાખોરી, ગેરકાયદે પ્રવાસીઓ અને દેખાવોમાં ઘટાડો કરવાનું કહ્યું છે. પરંતુ લોકોએ આ પગલાંને ટ્રમ્પની અંકુશ વધારવાની નીતિ ઠેરવી છે. ડેમોક્રેટિક શહેરોમાં વહીવટી તંત્રોની સહમતિ વિના ગાર્ડ તૈનાત કરવામાં આવતાં આ નિર્ણયને બંધારણની વિરૂદ્ધ ગણાવ્યો છે.ટ્રમ્પે ઓગસ્ટ, ૨૦૨૫માં વોશિંગ્ટન ડીસીમાં આશરે ૨૦૦૦ ગાર્ડ તૈનાત કર્યા હતા. ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવાના ઉદ્દેશ સાથે આ પગલું લેવામાં આવ્યું હતું. કારણકે, શહેરમાં હિંસક જૂથો, ગુનાખોરોના કારણે લૂંટફાટ સહિતના ગુનાનો આતંક વધ્યો છે. ટ્રમ્પે શહેરમાં કાયદો અને વ્યવસ્થા લાગુ કરવા તેમજ જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવા નેશનલ ગાર્ડ્સ તૈનાત કર્યા છે. યુએસએના ૧૯ રાજ્યોમાં ઓગસ્ટ, ૨૦૨૫માં ૧૭૦૦ નેશનલ ગાર્ડ તૈનાત કરવામાં આવ્યા છે. જેનું નેતૃત્વ રિપબ્લિકન કરી રહ્યા છે. જમાં અલાબામા, અરકાનસાસ ફ્લોરિડા, જ્યોર્જિયા, ઈડાહો, ઈન્ડિયાના, આયોવા, લુઈસિયાના, નેબ્રાસ્કા, નેવાડા, ન્યૂ મેક્સિકો, ઓહિયો, સાઉથ કેરોલિના, સાઉથ ડકોટા, ટેનેસી, ટેક્સાસ, વર્જિનિયા, વ્યોમિંગ સામેલ છે.

### એકનું મોત, અનેક ઘાયલ

# પાકિસ્તાનમાં લાઈવ મેચ દરમિયાન બોમ્બ વિસ્ફોટ

## આ વિસ્ફોટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયો હતો. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે



ઈસ્લામાબાદ,

છેલ્લા એક દાયકાથી આતંકવાદનો પર્યાય ગણાતા પાકિસ્તાનમાં બોમ્બ વિસ્ફોટ એક સામાન્ય ઘટના બની ગઈ છે. આ વખતે ક્રિકેટ મેચ દરમિયાન વિસ્ફોટ થયો છે. આ બોમ્બ વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું છે. પાકિસ્તાની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વિસ્ફોટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયો હતો.પાકિસ્તાની અખબાર 'ડોન'એ પોલીસ સૂત્રોને ટાંકીને અહેવાલ આપ્યો છે કે હુમલાખોરોએ સંપૂર્ણ આયોજન સાથે આ વિસ્ફોટ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ વિસ્ફોટ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના એક ક્રિકેટ ગ્રાઉન્ડમાં થયો હતો, જ્યાં મેચ ચાલી રહી હતી.વિસ્ફોટ પછી ચારે બાજુ ધુમાડો ફેલાઈ ગયો હતો અને નાસભાગ પણ થઈ હતી. વિસ્ફોટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. અત્યાર સુધી કોઈ આતંકવાદી સંગઠને કૌસર ક્રિકેટ ગ્રાઉન્ડ પર હુમલાની જવાબદારી લીધી નથી.અહેવાલો અનુસાર, બાજૌર જિલ્લાના ખાર તહસીલમાં સ્થિત કૌસર ક્રિકેટ ગ્રાઉન્ડમાં વિસ્ફોટ બાદ ખેલાડીઓ અને દર્શકો દોડતા જોવા મળ્યા હતા. એક અઠવાડિયા પહેલા પણ આ જ જગ્યાએ ક્વોડકોપ્ટરની મદદથી એક પોલીસ સ્ટેશન પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક પોલીસ કોન્સ્ટેબલ અને એક નાગરિક ઘાયલ થયા હતા.વિસ્ફોટમાં એક વ્યક્તિનું મોત થયું છે અને કેટલાક બાળકો સહિત અનેક લોકો ઘાયલ થયા છે. તેમણે કહ્યું કે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલાખોરોએ અગાઉ પોલીસ સ્ટેશન પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.

### જાપાનના રાજકારણમાં મોટી ઉથલપાથલ!

# જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાનું રાજીનામું, ૧૦ મહિનામાં છોડવું પડ્યું પદ!




ટોકીયો,

જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ પોતાના પદ પરથી રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. જાપાનના નેશનલ બ્રોડકાસ્ટર NHK અનુસાર, સત્તાધારી લિબરલ ડેમોક્રેટિક પાર્ટીમાં વિભાજન અટકાવવા માટે શિગેરુ ઈશિબાએ રવિવારે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. જોકે, આ જાહેરાતના થોડા અઠવાડિયા પહેલા ઈશિબાએ એવા અહેવાલોને ફગાવી દીધા હતા કે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે. પછી તેમણે કહ્યું હતું કે તેઓ અમેરિકા સાથેના ટેરિફ કરારને યોગ્ય રીતે લાગુ કરવા માંગે છે. જાણો કેમ આપશે રાજીનામું? હવે રાજીનામું આપવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે તેમની પાર્ટી LDP અને તેમના સાથી પક્ષોને જુલાઈમાં યોજાયેલી ચૂંટણીમાં ઐતિહાસિક હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારને કારણે LDP એ ઉપલા ગૃહમાં બહુમતી ગુમાવી દીધી, જેના કારણે પાર્ટીમાં મતભેદો અને અસંતોષ વધ્યો. ઈશિબાએ પોતાના રાજીનામાથી સંકેત આપ્યો છે કે તેઓ પાર્ટીમાં એકતા જાળવી રાખવા માંગે છે અને તેમનો પ્રાથમિક ઉદ્દેશ્ય દેશને રાજકીય અસ્થિરતાથી બચાવવાનો છે. આ ઘટનાક્રમ ફક્ત જાપાનના આંતરિક રાજકારણને જ નહીં, પરંતુ તે યુએસ-જાપાન વેપાર સંબંધો અને અન્ય આંતરરાષ્ટ્રીય કરારોને પણ અસર કરી શકે છે. જાપાનના રાજકારણમાં હાલમાં રાજકીય અસ્થિરતા છે, જે છેલ્લા ૫ વર્ષથી ચાલુ છે. અહીં કોઈ પણ વડાપ્રધાન સતત ૩ વર્ષ સુધી ટકી શક્યા નથી. યોશીહિદે સુગાના કાર્યકાળનો સમય ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ થી ૪ ઓક્ટોબર ૨૦૨૧ સુધી એટલે કે ૩૮૪ દિવસનો રહ્યો છે. ત્યારબાદ ફુમિયો કિશિદા વડાપ્રધાન બન્યા, જેમનો પ્રથમ કાર્યકાળ ૪ ઓક્ટોબર ૨૦૨૧થી ૧૦ નવેમ્બર ૨૦૨૧ સુધીનો રહ્યો છે, જ્યારે બીજો કાર્યકાળ ૧૦ નવેમ્બર ૨૦૨૧થી ૧ ઓક્ટોબર ૨૦૨૪ એટલે કુલ ૧૦૫૭ દિવસનો રહ્યો છે. તેમના બાદ શિગેરુ ઈશિબાએ જાપાનના પ્રધાનમંત્રી તરીકેનો કાર્યકાળ સંભાળ્યો. તેમનો પહેલો કાર્યકાળ ૧ ઓક્ટોબર ૨૦૨૪ થી ૧૧ નવેમ્બર ૨૦૨૪ સુધી માત્ર ૪૨ દિવસનો રહ્યો. વડાપ્રધાનના કાર્યકાળમાં વારંવાર થતા ફેરફારોનું કારણ લિબરલ ડેમોક્રેટિક પાર્ટી (LDP) ની અંદર સત્તા સંઘર્ષ અને રાજકારણ હોવાનું માનવામાં આવે છે. ફરી એકવાર પીએમ પદમાં ફેરફારને કારણે આ દેશનું રાજકીય ભવિષ્ય અંધકારમાં લટકી રહ્યું છે.

### શેરબજાર ફરી ચમકશે

# આખી ગેમ સેટ, ભારત અને ચીન સાથે મળીને કરશે કામ

## નિષ્ણાતો માને છે કે વિદેશી રોકાણ, ટેકનિકલ ભાગીદારી અને ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં ભારતને ફાયદો થઈ શકે છે




નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની તાજેતરની મુલાકાત અને સરકાર દ્વારા કરવેરા ઘટાડાથી ભારતીય શેરબજારમાં નવો પ્રાણ ફૂંકાયો છે. નિષ્ણાતો માને છે કે આ ઘટનાઓ ભારતીય શેરબજારની નબળી સ્થિતિને સુધારી શકે છે, જે છેલ્લા કેટલાક મહિનાઓમાં અન્ય ઉભરતા બજારો કરતા પાછળ રહી ગઈ હતી.મોદી અને જિનપિંગ વચ્ચેની આ મુલાકાત ૩૧ ઓગસ્ટના રોજ ચીનના તિયાનજિન શહેરમાં થઈ હતી. આ દરમિયાન, બંને નેતાઓએ પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરી. સરહદ વિવાદ, સીધી ફ્લાઈટ્સ પુનઃસ્થાપિત કરવા અને વેપાર વધારવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ વાટાઘાટોમાં આવ્યા. ભલે આ વાટાઘાટો મોટે ભાગે પ્રતીકાત્મક હતી, પરંતુ તેની અસર રોકાણકારોના મનોબળ પર સ્પષ્ટપણે જોવા મળી, જેનાથી બજારમાં સકારાત્મક વાતાવરણ બન્યું.

ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી તણાવપૂર્ણ સંબંધો રહ્યા છે, ખાસ કરીને ૨૦૨૦ માં સરહદી અથડામણ પછી, જેમાં બંને પક્ષના સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ પછી, ભારતમાં ચીની માલ અને કંપનીઓ સામે વિરોધ પણ જોવા મળ્યો હતો.પરંતુ હવે જ્યારે બંને દેશો પરસ્પર સહયોગ વિશે વાત કરી રહ્યા છે, ત્યારે રોકાણકારોને આશા છે કે આનાથી ભારતને ત્રણ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફાયદો થઈ શકે છે, વિદેશી રોકાણમાં વધારો, આધુનિક ઉત્પાદન ટેકનોલોજીની પહોંચ અને સ્વચ્છ (લીલી) ઊર્જાની સપ્લાય ચેઈનમાં ભાગીદારી. RBC વેલ્થ મેનેજમેન્ટ એશિયાના સિનિયર ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ જાસ્મિન ડુઆન કહે છે કે, ભારત આ સંબંધથી વધુ ફાયદો મેળવી શકે છે, કારણ કે તે હાલમાં યુએસ ટેરિફ વધારાથીસૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યું છે. રોકાણકારો આ બદલાયેલા વાતાવરણને સકારાત્મક સંકેત તરીકે જોઈ રહ્યા છે. ૨૦૨૫ માં અત્યાર સુધી, નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં માત્ર ૪.૬% નો વધારો થયો છે, જ્યારે બીજી તરફ MSCI ઈમર્જિંગ માર્કેટ્સ ઈન્ડેક્સમાં લગભગ ૧૯% નો વધારો જોવા મળ્યો છે. આ વર્ષે, વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી લગભગ ઈ૧૬ બિલિયન પાછા ખેંચી લીધા હતા, જેના કારણે બજારમાં મંદી અને અનિશ્ચિતતા હતી. જોકે, હવે નિષ્ણાતોને લાગવા માંડ્યું છે કે પરિસ્થિતિ બદલાઈ શકે છે. માર્સેલસ ઈન્વેસ્ટમેન્ટ મેનેજર્સના સહ-સ્થાપક પ્રમોદ ગુબ્બી કહે છે કે ઉભરતા બજારોમાં ભારતનો હિસ્સો, જે ઘટી રહ્યો હતો, તે હવે બંધ થઈ શકે છે. જો ભારતનો આર્થિક વિકાસ અને કંપનીઓના નફામાં સુધારો થાય છે, તો અમેરિકાની ટેરિફ નીતિની અસરને ઘણી હદ સુધી નિયંત્રિત કરી શકાય છે. એટલે કે, આગામી સમયમાં, રોકાણકારો ભારતીય બજારમાંથી ફરીથી સારા વળતરની અપેક્ષા રાખી શકે છે. ભારત સરકાર અને રિઝર્વ બેંક બંને આર્થિક વિકાસને ઝડપી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તાજેતરમાં, RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ સંકેત આપ્યો હતો કે નાણાકીય નીતિ હજુ પણ નરમ રહેશે. ફેબ્રુઆરીથી, વ્યાજ દરોમાં ૧૦૦ બેસિસ પોઈન્ટ (એટલે કે ૧%) ઘટાડો કરવામાં આવ્યો છે.ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી તણાવપૂર્ણ સંબંધો રહ્યા છે, ખાસ કરીને ૨૦૨૦ માં સરહદી અથડામણ પછી, જેમાં બંને પક્ષના સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ પછી, ભારતમાં ચીની માલ અને કંપનીઓ સામે વિરોધ પણ જોવા મળ્યો હતો.પરંતુ હવે જ્યારે બંને દેશો પરસ્પર સહયોગ વિશે વાત કરી રહ્યા છે, ત્યારે રોકાણકારોને આશા છે કે આનાથી ભારતને ત્રણ મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં ફાયદો થઈ શકે છે, વિદેશી રોકાણમાં વધારો, આધુનિક ઉત્પાદન ટેકનોલોજીની પહોંચ અને સ્વચ્છ (લીલી) ઊર્જાની સપ્લાય ચેઈનમાં ભાગીદારી. RBC વેલ્થ મેનેજમેન્ટ એશિયાના સિનિયર ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ જાસ્મિન ડુઆન કહે છે કે, ભારત આ સંબંધથી વધુ ફાયદો મેળવી શકે છે, કારણ કે તે હાલમાં યુએસ ટેરિફ વધારાથીસૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યું છે.ઉપરાંત, કેન્દ્ર અને રાજ્ય સરકારોના નાણામંત્રીઓની સમિતિએ ૪૦૦ થી વધુ ઉત્પાદનો પર જીએસટી ઘટાડવાનો નિર્ણય લીધો છે. આ એ જ માલ છે જે ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) બાસ્કેટમાં લગભગ ૧૬% ફાળો આપે છે. આ નિર્ણય પછી, ગ્રાહક માલ કંપનીઓ અને ઓટો ક્ષેત્રના શેરમાં સારો વધારો જોવા મળ્યો. વેનેક એસોસિએટ્સ કોર્પના વ્યૂહરચ નાકાર અન્ના વુ કહે છે કે "ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં નરમાઈ અને કર ઘટાડા, આ બંને બાબતો લાંબા ગાળે ભારતીય શેરબજાર માટે ફાયદાકારક સંકેતો છે. મોદી અને જિનપિંગ વચ્ચેની આ મુલાકાત ૩૧ ઓગસ્ટના રોજ ચીનના તિયાનજિન શહેરમાં થઈ હતી. આ દરમિયાન, બંને નેતાઓએ પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરી. સરહદ વિવાદ, સીધી ફ્લાઈટ્સ પુનઃસ્થાપિત કરવા અને વેપાર વધારવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ વાટાઘાટોમાં આવ્યા. ભલે આ વાટાઘાટો મોટે ભાગે પ્રતીકાત્મક હતી, આ ઉપરાંત, જો ચીન-રશિયા-ભારત બ્લોક મજબૂત બને છે, તો ભારતની વૈશ્વિક સ્થિતિ વધુ મજબૂત બની શકે છે." એકંદરે, સ્થાનિક નીતિઓ અને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સુધારાને કારણે ભારતીય બજાર ફરી એકવાર જીવંત થવાની અપેક્ષા છે.

# ટ્રમ્પના વધુ એક નિર્ણયથી મુશ્કેલીમાં ભારતીયો!



નવી દિલ્હી,

અમેરિકામાં ઈમિગ્રેશન એજન્સીઓ દ્વારા IRSના રેકોર્ડ્સનો ઉપયોગ વધતા, ગેરકાયદેસર રોજગારના કેસમાં ઈમિગ્રન્ટ્સ માટે દેશનિકાલનું જોખમ વધી ગયું છે. H-1B વિઝા (જે એક જ નોકરીદાતા સાથે સંકળાયેલા હોય) અથવા સ્ટુડન્ટ વિઝા પર રહીને સાઈડ હસલ દર્શાવવી એ હવે વિઝાની મુદત વધારવાનો ઈનકાર, ફરીથી પ્રવેશ પર પ્રતિબંધ, દેશનિકાલની કાર્યવાહી અને ડિપોર્ટેશનનું કારણ બની શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, જે લોકોએ ટેક્સ રિટર્નમાં વધારાની કમાણી (સાઈડ હસલ)ની માહિતી આપી છે, તેમને હવે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રામાણિકતાથી ટેક્સ ભરવા અને આવક રિપોર્ટ કરવા છતાં, તેમના વિઝાની અવધિ વધારવા પર પ્રતિબંધ મૂકવામાં આવી રહ્યો છે, સાથે જ તેમને ફરીથી પ્રવેશ પર રોક અને દેશનિકાલ સુધીની કાર્યવાહીનો સામનો કરવો પડી રહ્યો છે.મીડિયા રિપોર્ટ્સ મુજબ, ઈમિગ્રેશન એટર્ની જાથ શાઓએ જણાવ્યું કે, 'આઈઆરએસએ ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સાથે ડેટા શેર કર્યો છે. હવે અમે જોઈ રહ્યા છીએ કે લોકો એ જ કાર્યો માટે ફસાઈ રહ્યા છે, જેની કમાણી તેમણે પોતે જ રિપોર્ટ કરી અને ટેક્સ ભર્યો.' શાઓ મુજબ, ઘણીવાર આ આરોપ ત્યારે લાગે છે જ્યારે કોઈ પ્રવાસી બીજી કોઈ ભૂલમાં પકડાય છે અને તપાસમાં જૂની કમાણી સામે આવી જાય છે.

### સોની બજાર ઉપરાંત કપડાં, ઘરવખરી સહિતની તમામ ખરીદીને બ્રેક

# શ્રાદ્ધ શરૂ થતાં લગ્ન સહિત શુભ પ્રસંગોની ખરીદીને બ્રેક લાગતા બજારો સુમસામ



અમદાવાદ,

પિતૃતર્પણ કરવા અને ૧૬ દિવસ પિતૃઓને શ્રાદ્ધ નાખીને તૃપ્ત કરવાના શ્રાદ્ધપક્ષની શરૂઆત થતાં જ બજારમાંથી ઘરાકી જાણે કે ગાયબ થઈ ગઈ છે. શ્રાદ્ધમાં લોકો ખરીદી કરવાની કે શુભમુહૂર્ત કે ગૃહ પ્રવેશ કરવાનું ટાળતા હોય છે. જેને પગલે શ્રાદ્ધની શરૂઆતથી બજારમાં મંદી શરૂ થઈ ગઈ છે. પવિત્ર શ્રાવણ માસથી તહેવારોની શરૂઆત થઈ જતી હોય છે. જે દિવાળી સુધી ચાલતા હોય છે. આ દિવસોમાં દિવાળી બાદ આવતા લગ્નસરાની ખરીદી શરૂ થઈ જતી હોય છે. જેને પગલે બજારોમાં તેજી જોવા મળતી હોય છે. આ દિવસો દરમિયાન શ્રાદ્ધના ૧૬ દિવસમાં લોકો પિતૃ તર્પણમાં વ્યસ્ત થઈ જતા હોય છે. આ દિવસોમાં લોકો ખરીદી કરવાનું કે કોઈ શુભ કામ કરવાનું ટાળતા હોય છે. જેને પગલે બજારમાં ખરીદી બંધ થઈ ગઈ છે. હવે લગ્નસરા માટેની ખરીદી પહેલી નવરાત્રિથી શરૂ થશે. અમદાવાદની ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીમાં પણ દર વર્ષે વેચાણ વધતું હોય છે, પરંતુ શ્રાદ્ધના ૧૬ દિવસ નવી ગાડી કે ટુ વ્હીલરની ખરીદી લગભગ બંધ રહે છે.બજારમાં મંદી હોવાથી ૧૬ દિવસ અમદાવાદ સહિત દેશભરમાં વેપારીઓ નવરાત્રિ અને દિવાળીની તૈયારીઓમાં લાગી જતા હોય છે રતનપોળમાં પણ પહેલા શ્રાદ્ધથી લોકોની ભીડ ઘટી ગઈ હોવાનું વેપારી મનોજસિંહ રાજપુરોહિત જણાવી રહ્યા છે. જ્યારે સોનાના ભાવ વધવા છતાં સોની બજારમાં જે થોડી ઘણી ખરીદી થતી હતી તે પણ પહેલા શ્રાદ્ધથી જાણે સ્થિગિત થઈ ગઈ હોવાનું સોની બજારના વેપારી નિશાંત સોની જણાવી રહ્યાં છે. આ ઉપરાંત અમદાવાદમાં રિઅલ એસ્ટેટમાં સતત તેજી વધતી રહી છે. દરરોજ નવી સ્કીમના ભૂમિપૂજન થતા હોય છે અને જે સ્કીમ તૈયાર થઈ ગઈ હોય તેમાં ફર્નિચર બનાવી લોકો ગૃહ પ્રવેશ કરતા હોય છે. આ તમામ શુભ પ્રસંગો આ ૧૬ દિવસ માટે અટકી ગયા છે.બજારમાં મંદી હોવાથી ૧૬ દિવસ અમદાવાદ સહિત દેશભરમાં વેપારીઓ નવરાત્રિ અને દિવાળીની તૈયારીઓમાં લાગી જતા હોય છે. આ દિવસોમાં નવા કપડાં કે અન્ય એસેસરિઝનો સ્ટોક કરવો કે પછી દુકાનમાં સુધારા વધારા કરવા કે પછી સ્ટાફ વધારવા જેવી કામગીરી પૂર્ણ કરી દેતા હોય છે. એટલે આ ૧૬ દિવસમાં ગ્રાહકોની વાટ જોતા વેપારીઓને પહેલી નવરાત્રિથી જરા પણ ફુરસત મળતી નથી.

### બનાસકાંઠામાં જળપ્રલય

# ત્રણ દિવસ પછી પણ થરાદ પાણીમાં ગરકાવ, ૧.૫૦ લાખ ફૂડ પેકેટનું વિતરણ




બનાસકાંઠા,

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે દિવસમાં ૧૬ ઇંચથી વધુ પડેલા ધોધમાર વરસાદે વાવ-થરાદ અને સુઈગામ તાલુકામાં ભારે તારાજી સર્જી છે. ત્રણ દિવસ વીતી ગયા હોવા છતાં થરાદ શહેર હજુ પણ પાણીમાં ગરકાવ છે. અનેક સોસાયટીઓ અને રસ્તાઓ પાણીમાં ડૂબી જતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આજે પણ ઘણા સ્થળોએ પાણી ઓસર્યા નથી અને ઘરોમાં ઘૂંટણસમા પાણી ભરાયેલા છે.

ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રાહત અને બચાવ કામ શરૂ કરી દેવામાં આવી છે.

કલેક્ટર મિહિર પટેલના નેતૃત્વમાં અસરગ્રસ્ત વિસ્તારમાં ૧.૫૦ લાખ ફૂડ પેકેટ અને ૧ લાખ પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લા વહીવટી તંત્ર અને બનાસ ડેરીના સહયોગથી અત્યાર સુધીમાં દોઢ લાખથી વધુ ફૂડ પેકેટ્સ તૈયાર કરીને વિતરણ કરવામાં આવ્યા છે. ગામડાઓમાં પાણી ભરાઈ જતાં નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

સુઈગામ, ભાભર, વાવ અને થરાદ સહિતના વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત વિકટ છે. ખેડૂતોની વર્ષોની કમાણી પાણીમાં તણાઈ ગઈ છે અને ઘરવખરી પલળી ગઈ છે. આ જળપ્રલયે લોકોના જીવનને ભારે અસર કરી છે. બનાસકાંઠાની સાથે પાટણ જિલ્લાના સાંતલપુરમાં પણ ભારે વરસાદને કારણે તારાજી સર્જાઈ છે. પાટણમાંથી માત્ર ત્રણ કલાકમાં ૩,૦૦૦થી વધુ ફૂડ કીટ તૈયાર કરીને ગામડાઓમાં મોકલવામાં આવી છે, જે સંપર્ક વિહોણા બન્યા છે. આ કીટ અસરગ્રસ્તો માટે જીવનરક્ષક સાબિત થઈ રહી છે.

### અમદાવાદ-સુરતમાં બળાત્કારના કેસો વધ્યા

# સલામત ગુજરાતના દાવા વચ્ચે અસામાજિક તત્ત્વો બેફામ

અમદાવાદ,

શાંત-સલામત ગુજરાતમાં અસામાજિક તત્ત્વો બેફામ બન્યાં છે જેના કારણે ગુનાખોરી વકરી છે. તેમાં પણ મહિલાઓ અસલામતી અનુભવ કરી રહી છે તેનુ કારણ એ છે કે, માત્ર છ મહિનામાં જ અમદાવાદ અને સુરત જિલ્લામાં બળાત્કાર અને છેડતીના સૌથી વધુ કિસ્સા ૪૨૯ અને છેડતીના ૨૦૦ કિસ્સા નોધાયાં છે. ચોંકાવનારી વાત તો એ છે કે, ગૃહમંત્રીના વિસ્તારમાં સૌથી વધુ બળાત્કાર-છેડતીના કેસો પોલીસ ચોપડે નોંધાયાં છે.વિધાનસભામાં ખુદ ગૃહવિભાગે માહિતી રજૂ કરી કે, બંને જિલ્લામાં ચોરી, લૂંટ, છેતરપિંડીના કેસોમાં પણ વધારો થયો છે. ટૂંકમાં, ગુજરાતમાં ગુનાખોરી પર કાબૂ મેળવામાં ગૃહવિભાગ નાકામ રહ્યુ છે.છેલ્લાં છ મહિનામાં અમદાવાદ શહેર અને જિલ્લામાં બળાત્કારના ૨૦૮ કેસ, જ્યારે છેડતીના ૧૦૮ કેસો નોંધાયા છે. સુરત શહેર અને જિલ્લામાં બળાત્કારના ૨૨૧ જ્યારે છેડતીના ૯૨ કિસ્સા નોંધાયા છે. આ જોતાં બંને શહેર-જિલ્લામાં મહિલાઓ અસલામત બની હોય તેવું ચિત્ર ઊભુ થયું છે. કોઈપણ ચમરબંધીને નહીં છોડાય તેવી ડીંગો હાંકવામાં આવી રહી છે ત્યારે બળાત્કાર અને છેડતીના કુલ મળીને ૪૦ આરોપીઓ ફરાર છે જેને




પોલીસ હજુ સુધી પકડી શકી નથી.અમદાવાદ જિલ્લા કરતાં અમદાવાદ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધુ છે. માત્ર છ મહિનામાં જ અમદાવાદ અને સુરત જિલ્લામાં બળાત્કાર અને છેડતીના સૌથી વધુ કિસ્સા ૪૨૯ અને છેડતીના ૨૦૦ કિસ્સા નોધાયાં છેલ્લાં છ મહિનામાં અમદાવાદ શહેરમા જ જુગારના ૭૦૦ કેસો, ચોરીના ૧૮૦૩ કેસો, લૂંટના ૪૨ કેસો જ્યારે છેતરપિંડીના ૨૭૬ કેસો નોંધાયા છે. આ પરથી શહેરમાં ગુનાખોરીનું સામ્રાજ્ય વકરી રહ્યું છે તે વાત પ્રસ્થાપિત થઈ છે. આ જ પ્રમાણે સુરત જિલ્લા કરતાં સુરત શહેરમાં ગુનાઓની પ્રમાણ વધુ રહ્યુ છે. સુરત શહેરમાં જુગારના ૪૧૮, ચોરીના ૭૪૦, લૂંટના ૨૭ કેસો નોંધાયા છે. અમદાવાદ શહેર-જિલ્લામાં બળાત્કારના ૧૭ અને સુરત શહેર-જિલ્લામાં ૧૩ આરોપીઓ હજુ ફરાર છે. આ ઉપરાંત છેડતીના ૧૦ આરોપીઓને પોલીસ હજુ શોધી શકી નથી. યુવાઓ નશીલા પદાર્થના બંધાણી બન્યાં છે, ત્યારે મેટ્રો સિટીમાં બેરોકટોક નશીલા પદાર્થનું વેચાણ થઈ રહ્યુ છે, ત્યારે ગૃહવિભાગના રિપોર્ટ મુજબ, અમદાવાદ શહેર-જિલ્લામાં નશીલા પદાર્થ વેચવાના મુદ્દે ૫૯ કેસો નોંધાયા છે જ્યારે સુરતમાં આ કેસોની સંખ્યા ૯૪ સુધી પહોંચી છે. વધતાં જતા કેસો પરથી એ વાત નક્કી છે કે, ગુજરાતમાં મોટા શહેરોમાં ડ્રગ્સ પેડલરોનું નેટવર્ક ફેલાયેલુ છે. રાજ્ય ગૃહવિભાગના રિપોર્ટ પરથી ગુજરાતમાં મહિલાઓની સલામતીને લઈને સવાલો ઊભા થયા છે. આ ઉપરાંત કાયદા વ્યવસ્થાની સ્થિતિ કેટલી હદે કથળી તેનો અંદાજ પણ આવી શકે છે.

### બેનાં મોત, બે બચ્યા

# ચોટીલાથી દર્શન કરી પરત આવતા કાર પથ્થર સાથે અથડાઇને તળાવમાં ખાબકી

અમદાવાદ,

શહેરમાં રહેતા ચાર લોકો ચોટીલા દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને ચારેય અમદાવાદ પરત આવી રહ્યા હતા ત્યારે અમદાવાદ રાજકોટ હાઈવે પર બાવળા નજીકના રામનગર પાટિયા પાસે પહોંચતી વેળાએ ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા અકસ્માત થયો હતો. કાર પથ્થર સાથે અથડાઈને પલટી ખાઈને તળાવમાં ખાબકતા કારમાં આગળ બેઠેલા બે લોકોનાં મોત નિપજ્યા હતા. પાછળની સીટ પર બેઠેલા માતા-પુત્રનો આબાદ બચાવ થયો હતો. આ મામલે બાવળા પોલીસે કારચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મૂળ જૂનાગઢ માંગરોળનો ૨૨ વર્ષીય વિરલ નંદાસણિયા ૪ વર્ષથી અમદાવાદમાં સંબંધીના ત્યાં સરખેજમાં રહીને શીલજની કોલેજમાં બીએસસી નર્સિંગનો અભ્યાસ કરતો હતો. રવિવારની રજા હોવાથી વિરલ તેમના મિત્ર નિધિશ સોલંકી (ઉ.૨૦ રહે. આર્યન એમ્બીયન્સ, સોલા રોડ), અજય મિસ્ત્રી અને અજયની માતા ગૌરીબેન મિસ્ત્રી સાથે નિધિશ સોલંકીની કારમાં ચોટીલા દર્શન કરવા ગયા હતા. ચારેય લોકો ચોટીલા ખાતે દર્શન કરીને પરત અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે




અજયને ઊંઘ આવતા તેણે લીંબડી પાસેથી નિધિશને કાર ચલાવવા આપી હતી.પાણીમાં ડૂબી જવાથી બેના મોત નિપજતા આ મામલે બાવળા પોલીસને જાણ કરાતા પોલીસે કારચાલક સામે ગુનો નોંધ્યો બાદ વિરલ અને નિધિશ આગળ બેઠા હતા અને અજય અને તેમની માતા કારમાં પાછળની સીટ પર બેઠા હતા. ચારેય લોકો બાવળા નજીકના રામનગર પાટિયા પાસે પહોંચ્યા ત્યારે અચાનક કાર ઘસડાવાનો અને અથડાવવાનો અવાજ આવતા અજય સફાળા જાગી ગયા હતા. જોયું તો કાર પથ્થર સાથે ભટકાઇને પલટી ખાઇને તળાવમાં ખાબકી હતી. કારની આગળનો ભાગ પાણીમાં ડૂબી ગયો હતો અને પાછળનો ભાગ પાણીની બહાર હતો. અજયએ દરવાજો ખોલીને કારમાંથી નીકળવા પ્રયાસ કર્યા હતા પરંતુ લોક હોવાથી દરવાજા ખૂલ્યા નહોતા. વિરલ અને નિધિશના માથા સુધી પાણી કારમાં ભરાઈ ગયા હતા. અજયએ બૂમાબૂમ કરતા રાહદારીઓ દોડી આવ્યા હતા અને તેમને તથા તેમની માતાને ખેંચીને બહાર કાઢ્યા હતા. પરંતુ વિરલ અને નિધિશ નીકળી ન શક્તા ક્રેઇનથી કાર ખેંચીને બહાર કાઢી હતી. બીજીબાજુ ૧૦૮ પણ સ્થળ પર આવી જતા અર્ધબેભાન અવસ્થામાં નિધિશ અને વિરલને તપાસતા મૃત જાહેર કર્યા હતા. પાણીમાં ડૂબી જવાથી બંનેના મોત નિપજતા આ મામલે બાવળા પોલીસને જાણ કરાઈ હતી. બાવળા પોલીસે કારચાલક નિધિશ સોલંકી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### યુવકને છરીની અણીએ લૂંટ્યો

# રિક્ષાચાલકના સ્વાંગમાં ફરતી લૂટારુ ટોળકી હજુ એક્ટિવ

અમદાવાદ,

શહેરના કાલુપુર રેલવે સ્ટેશન અને ગીતા મંદિર એસટી બસ સ્ટેન્ડ પાસે લૂટારુના સ્વાંગમાં ફરતા રિક્ષાચાલકો દ્વારા અનેક લોકોને લૂંટી લેવાની અઢળક ફરિયાદો સામે આવી છે. જેને લઈને સ્થાનિક પોલીસ દ્વારા સ્ટીકર લગાવવા અને આવા તત્ત્વોને શોધી કાઢવા અનેક પ્રકારની કવાયત હાથ ધરી હતી. તેમ છતાંય આ મોડસ ઓપરેન્ડીથી લૂંટ કરતા તત્ત્વો હજુય સક્રિય છે. કાલુપુરમાં રિક્ષાચાલકે છરી બતાવીને બહારગામથી આવેલા એક યુવકને લૂંટી લીધો હતો. આ મામલે કાલુપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ઉત્તરપ્રદેશનો રોશનસિંગ મોર્યા તેના મિત્ર સાથે ટ્રેનમાં બેસીને મુંબઈથી અમદાવાદ આવ્યા હતા. અમદાવાદ રેલવે સ્ટેશન ઉતરીને રાયપુર ખાતે રહેતા મિત્રના ઘરે રોકાયા હતા. જ્યાંથી રિક્ષામાં



બેસીને રેલવે સ્ટેશન પરત જવા નીકળ્યા હતા ત્યારે સારંગપુર સર્કલ પાસે રિક્ષા ચાલકે રિક્ષા ઊભી રાખીને હવે રિક્ષા આગળ નહીં જાય ભાડું આપી દે તેમ કહીને માથાકૂટ કરી હતી. રિક્ષાચાલકે છરી બતાવીને રોશનસિંગના રૂપિયા ૭૮૦૦ અને ફોન લૂંટી લીધો હતો. બંને યુવકોને ત્યાં મૂકીને રિક્ષાચાલક નાસી જતા પોલીસને જાણ કરવામાં આવી હતી. આ મામલે કાલુપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# કુલ્લૂમાં ફરી ભૂસ્ખલન, એક જ પરિવારના ૫ વ્યક્તિઓના મોત



હિમાચલ પ્રદેશ,

હિમાચલ પ્રદેશમાં હવામાન ખુલ્યા બાદ પણ વાદળ ફાટવાની અને ભૂસ્ખલન થવાની ઘટનાઓ હજુ પણ બની રહી છે. ગઈ રાત્રે નિરમંડ ઉપમંડળના શર્માની ગામમાં થયેલા ભારે ભૂસ્ખલનને કારણે તબાહી મચાવી દીધી. અહીં, એક ઘરમાં સૂતા પરિવાર પર ભૂસ્ખલન થવાથી તેઓ કાટમાળ નીચે દટાઈ ગયા. એક જ પરિવારના પાંચ સભ્યોના મોત થયા. આ ઘટનામાં પરિવારના અન્ય ત્રણ સભ્યો ઘાયલ થયા હતા, જેમને નિર્મંદમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રામપુરની ખાનેરી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે કુલ્લુ જિલ્લાના નિરમંડ વિકાસ ખંડની ઘાટૂ પંચાયતમાં ભારે ભૂસ્ખલન થયું છે. ભૂસ્ખલનના કારણે શર્માણી ગામમાં આવેલ એક ઘર જમીનદોઝ થઈ ગયું. આ દુર્ઘટનામાં એક જ પરિવારના ૮ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. જેમાં એક જ પરિવારના ૫ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે પરિવારના ત્રણ અન્ય સભ્યોને ગ્રામજનો દ્વારા સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. પીડિતો ધર્મદાસ અને શિવરામના પરિવારો આ મકાનમાં રહેતા હતા. શિવરામ પોતે ઈજાગ્રસ્ત થયા છે, પરંતુ તેમના સમગ્ર પરિવારે આ દુર્ઘટનામાં જીવ ગુમાવવો પડ્યો.શિવરામની પત્ની તૃપ્તા દેવી, પુત્ર ચુન્ની લાલ, વહુ અંજના કુમાર, સાત વર્ષની પૌત્રી જાગૃતિ અને પાંચ વર્ષનો પૌત્ર ભોપેશ દરેકના કાટમાળ નીચે દટાઈ જવાથી મોતને ભેટ્યા છે. આ દુર્ઘટનામાં શિવરામ અને તેમના ભાઈ ધર્મદાસ તથા ધર્મદાસની પત્ની કલાદેવી ત્રણેય ઘાયલ થયા છે. ધર્મદાસનો પુત્ર ઘરે ન હોવાથી તે દુર્ઘટનાથી બચી ગયો.

મળતી માહિતી પ્રમાણે ગઈકાલે રાત્રે આશરે બે અઢી વાગ્યે ઘાટૂ પંચાયતના શર્માની ગામમાં પહાડ પરથી એકાએક ભારે માત્રામાં માટીઓ ધસીને નીચે પડવા લાગી. જેના કારણે બંને ભાઈઓના ઘરો જમીનદોસ્ત થઈ ગયા. ભૂસ્ખલનમાં ઘરમાં ઊંઘતા પરિવારમાં ના પાંચ સભ્યો માટી હેઠળ દટાઈ ગયા. ગ્રામજનો દ્વારા તરત જ રાહત કામગીરી શરૂ કરવામાં આવી અને ગુમ થયેલા લોકોની શોધખોળ હાથ ધરાઈ. લાંબા સમય પછી એક શબ મળ્યું, બાદમાં આશરે છ કલાક ચાલેલા શોધખોળ દરમિયાન બાકીના ચાર મૃતદેહો પણ બહાર કાઢવામાં આવ્યા.

### સેવેન્થ ડે સ્કૂલને લઈને હાઈકોર્ટની લાલ આંખ

# સેવન્થ ડે સ્કૂલને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો

## કોર્ટે શાળા દ્વારા દાખલ કરવામાં આવેલી બંને અરજીઓને ફગાવી દીધી છે

અમદાવાદ,

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલને ગુજરાત હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે શાળા દ્વારા દાખલ કરવામાં આવેલી બંને અરજીઓને ફગાવી દીધી છે. શાળાએ DEO (જિલ્લા શિક્ષણ અધિકારી) અને રાજ્ય સરકાર દ્વારા તેની સામે શરૂ કરાયેલી કાર્યવાહી સામે પડકાર ફેંક્યો હતો, પરંતુ કોર્ટે આ બંને સરકારી સંસ્થાઓની કાર્યવાહીને યોગ્ય ઠેરવી માન્ય રાખી છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે શાળાએ તપાસ દરમિયાન કોઈપણ પ્રકારની જરૂરી માહિતી કે દસ્તાવેજો રજૂ કર્યા ન હતા. આથી, કોર્ટે DEO અને સરકારને સંપૂર્ણપણે યોગ્ય ઠેરવીને શાળાની અરજીઓને રદ કરી છે.

કોર્ટે અવલોકન કર્યું કે સેવન્થ ડે સ્કૂલે જાણી જોઈને DEO અને સરકારને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. શાળાએ તપાસમાં સહકાર આપવાની જગ્યાએ માહિતી છુપાવી હતી. હાઈકોર્ટે શાળાને આદેશ આપ્યો છે કે તે તાત્કાલિક અસરથી સરકારની કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપે. આ નિર્ણય શિક્ષણ વિભાગ માટે એક મોટી જીત છે, કારણ કે તે સ્પષ્ટ કરે છે કે નિયમોનું પાલન ન કરતી શાળાઓ સામે કાર્યવાહી કરવાની સત્તા સરકાર પાસે છે. કે તે તાત્કાલિક અસરથી સરકારની કાર્યવાહીમાં સંપૂર્ણ સહકાર આપે. આ નિર્ણય શિક્ષણ વિભાગ માટે એક મોટી જીત છે, કારણ કે તે સ્પષ્ટ કરે છે કે નિયમોનું પાલન ન કરતી શાળાઓ સામે કાર્યવાહી કરવાની સત્તા સરકાર પાસે છે. આ ચુકાદો અન્ય શાળાઓ માટે પણ એક દાખલો પૂરો પાડશે કે નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે.આ ચુકાદો અન્ય શાળાઓ માટે પણ એક દાખલો પૂરો પાડશે કે નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે.આ નિર્ણય શિક્ષણ વિભાગ માટે એક મોટી જીત છે, કારણ કે તે સ્પષ્ટ કરે છે કે નિયમોનું પાલન ન કરતી શાળાઓ સામે કાર્યવાહી કરવાની સત્તા સરકાર પાસે છે. હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું કે DEO દ્વારા રચવામાં આવેલી તપાસ સમિતિને શાળાની તપાસ કરવાની સંપૂર્ણ સત્તા છે. કોર્ટે સ્પષ્ટપણે કહ્યું કે સમિતિને શાળાના દસ્તાવેજો અને રેકોર્ડ્સની ચકાસણી કરવાની અને જરૂરી માહિતી મેળવવાની સત્તા છે. આ ચુકાદાથી શિક્ષણ વિભાગને શાળાઓ પર દેખરેખ રાખવામાં અને નિયમોનો ભંગ કરતી શાળાઓ સામે કડક કાર્યવાહી કરવામાં વધુ બળ મળશે. આ નિર્ણય શિક્ષણ ક્ષેત્રમાં પારદર્શિતા અને જવાબદેહી લાવવામાં મદદ કરશે.

### CM યોગીએ ઉઠાવ્યો મુદ્દો

# યુપીમાં એક વ્યક્તિના નામ પર ૬ જગ્યાએ નોકરી

લખનૌ,

ઉત્તર પ્રદેશ સ્વાસ્થ્ય વિભાગમાં મોટો સ્કેમ સામે આવ્યો છે. એક વ્યક્તિએ અર્પિત સિંહ નામથી ૬ જિલ્લામાં એક્સ-રે-ટેકનીશિયનની નોકરી કરી અને વેતન લીધું. લખનઉમા વજીરગંજ પોલીસ સ્ટેશનમાં આ મામલે કેસ દાખલ કરી તેની તપાસ કરવામાં આવી રહી છે.

ઉત્તર પ્રદેશના સ્વાસ્થ્ય વિભાગમાં ૨૦૧૬માં એક્સ-રે-ટેકનીશિયન પદ પર ભરતી થયેલા એક વ્યક્તિ દ્વારા એક જ નામથી ૬ અલગ અલગ જિલ્લાઓમાં નોકરી કરવાના મામલે લખનઉ પોલીસે કેસ દાખલ કર્યો છે. ચિકિત્સા અને આરોગ્ય સેવા મહાનિર્દેશાલયમાં ડો.રંજના ખરે દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યુ છે કે આરોપીઓ ખોટા દસ્તાવેજોની મદદથી અર્પિત સિંહ નામે નોકરી મેળવી હતી. અર્પિત સિંહનુ નામ ઉત્તર પ્રદેશ સેવા પસંદગી આયોગ દ્વારા ૨૦૧૬માં જાહેર થયેલી ભરતી યાદીમાં ક્રમાંક ૮૦ પર હતુ. વઝીરગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR મુજબ આરોપીએ બલરામપુર, ફર્રુખાબાદ, રામપુર, બાંદા, અમરોહા અને શામલી જેવા જિલ્લાઓમાં ખોટી રીતે નિમણૂક મેળવી હતી અને ૨૦૧૬થી પગાર લઈ રહ્યો હતો, જેના કારણે રાજ્યના ખજાનાને આર્થિક નુકસાન થયું હતું. પોલીસ સૂત્રો અનુસાર, છેતરપિંડી અને દસ્તાવેજોની જાળસાજી અંગે કેસ નોંધાઈ ગયો છે અને તપાસ શરૂ કરવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા જૂનિયર સહાયક અને એક્સ-રે ટેકનિશિયનને નિયુક્તિ પત્ર આપવાના કાર્યક્રમમાં આ મામલો જાહેર કરવામાં આવ્યો હતો અને તે પછીના કેટલાક કલાકોમાં જ આ કેસ નોંધવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ આ બાબતે કહ્યુ કે ભરતીમાં કેવી ગેરરીતિ થતી હતી? અમને ઘણી ભર્તીઓ CBIને સોંપવી પડી હતી. હવે જુઓ કે એક વ્યક્તિ છ-છ જગ્યાએ પોતાની નિમણૂક કરાવીને પગાર લઈ રહ્યો હતો. જ્યારે તપાસ થઈ. ત્યારે આ મામલો બહાર આવ્યો. આ વચ્ચે લખનઉ પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે તપાસ ચાલી રહી છે અને જે પણ દોષિત હશે. તેની સામે કડક પગલાં લેવામાં આવશે.

### PM મોદીના પ્રવાસ વચ્ચે નરચૌક હોસ્પિટલમાં બ્લાસ્ટ કરવાની ધમકી આપતો મળ્યો ઇમેલ

હિમાચલ પ્રદેશ,

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદના કારણે સર્જાયેલી તારાજીનું પીએમ મોદી હવાઈ નિરિક્ષણ કરી રહ્યા છે. મંડી જિલ્લાના નરચૌકમાં સ્થિત શ્રી લાલ બહાદુર શાસ્ત્રી મેડિકલ કોલેજ અને હૉસ્પિટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અપાઈ છે.

પીએમ મોદી હિમાચલ પ્રદેશનું હવાઈ નિરિક્ષણ કરી રહ્યા છે. ત્યારે એવામાં બોમ્બ બ્લાસ્ટની ધમકી આપવામાં આવતા સમગ્ર પોલીસ બેડામાં ખળભળાટ જોવા મળ્યો છે. ઈમેલ દ્વારા હૉસ્પિટલને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. મંડી જિલ્લામાં શ્રી લાલ બહાદુર શાસ્ત્રી મેડિકલ કોલેજ અને ચંબા મેડિકલ કોલેજને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે.

# કોંગ્રેસના પ્રશ્નોથી ડરીને અધિકારીઓ ગાયબ? કોર્પોરેશનમાં રાજકીય ગરમાવો

વડોદરાઃ
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન માં આજે એક વિચિત્ર ઘટના બની, જેમાં સત્તાધીશો અને અધિકારીઓની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઋત્વિજ જોષી અને વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુભાઈ) તેમના કાર્યકરો સાથે જનતાના પ્રશ્નો લઈને મ્યુનિસિપલ કમિશનરને મળવા ગયા હતા. આ મુલાકાતનો સમય અગાઉથી નક્કી કરવામાં આવ્યો હતો.

જોકે, કોંગ્રેસના આગેવાનો કોર્પોરેશન ઓફિસે પહોંચે તે પહેલાં જ અધિકારીઓ ત્યાંથી ગાયબ થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. આ ઘટના બાદ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ જનતાના પૈસાના હિસાબ અને વિશ્વામિત્રી પ્રોજેક્ટમાં થયેલા કથિત ?૧૨૦૦ કરોડના ભ્રષ્ટાચાર અંગેના સવાલોથી બચી રહ્યા છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે તેઓએ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને પ્રતીકાત્મક રીતે મગરનું રમકડું અને રૂપિયા આપીને વિરોધ નોંધાવ્યો હતો, જે દર્શાવે છે કે સત્તાધીશોની ચામડી મગર જેવી જાડી થઈ ગઈ છે. આ ઘટનાના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરો કમિશનરની ઓફિસ બહાર બે કલાક સુધી બેસી રહ્યા હતા. પ્રમુખ ઋત્વિજ જોષીએ ચીમકી ઉચ્ચારી છે કે આવનારા દિવસોમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધની આ લડાઈને વોર્ડ સ્તરે લઈ જવામાં આવશે.

# વિશ્વામિત્રી પ્રોજેક્ટમાં ?૧૨૦૦ કરોડના કથિત ભ્રષ્ટાચારના આરોપ, કોંગ્રેસ મેદાનમાં

વડોદરાઃ
વરસાદની શરૂઆત સાથે જ વડોદરામાં પૂરની ભીતિ ફરી એકવાર સર્જાઈ છે, જેને લઈને રાજકીય ગરમાવો આવ્યો છે. વડોદરા શહેર કોંગ્રેસ સમિતિએ આજે વિશ્વામિત્રી નદીની સફાઈ અને ઊંડીકરણ પ્રોજેક્ટમાં કથિત ?૧૨૦૦ કરોડના ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી અને વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુભાઈ)ની આગેવાનીમાં કોંગ્રેસના કોર્પોરેટરો અને કાર્યકરોએ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું. કોંગ્રેસે પ્રશ્નો ઊભા કર્યા છે કે રાજ્ય સરકારે આપેલા ?૧૨૦૦ કરોડનો ખરેખર ક્યાં ઉપયોગ થયો? જો યોગ્ય સફાઈ અને ઊંડીકરણ થયું હોત તો ફરી પૂરની ભીતિ કેમ સર્જાઈ? કોંગ્રેસે આ આક્ષેપોને 'પ્રજાના વેરાના રૂપિયાનો વેડફાટ' અને 'વિકાસના નામે ભ્રષ્ટાચાર' ગણાવ્યા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને પ્રતીકાત્મક રીતે 'મગરનું રમકડું' અને 'રૂપિયા' આપીને વ્યંગ કર્યો હતો કે સત્તાધીશો મગરની ચામડી જેવા જાડા થઈ ગયા છે અને ભ્રષ્ટાચારના પૈસા ક્યાં લઈ જશે. કોંગ્રેસે સત્તાધીશોના બેંક ખાતાઓની તપાસ કરાવવા અને આ મામલે એક શ્વેતપત્ર બહાર પાડીને દરેક વોર્ડમાં ગ્રાન્ટના ઉપયોગ અંગેના બેનરો લગાવવાની પણ માંગ કરી.

મ્યુનિસિપલ કમિશનર દ્વારા મુલાકાતનો સમય આપવા છતાં સમયસર હાજર ન રહેતા, કોંગ્રેસે તેમની ઓફિસ બહાર બે કલાક સુધી બેસીને વિરોધ નોંધાવ્યો. કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ જણાવ્યું કે આગામી દિવસોમાં આ ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈને વોર્ડ સ્તરે લઈ જવામાં આવશે.


# કોંગ્રેસના પ્રશ્નોથી ડરીને અધિકારીઓ ગાયબ? કોર્પોરેશનમાં રાજકીય ગરમાવો





વડોદરાઃ
વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આજે એક વિચિત્ર ઘટના બની, જેમાં સત્તાધીશો અને અધિકારીઓની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઋત્વિજ જોષી અને વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુભાઈ) તેમના કાર્યકરો સાથે જનતાના પ્રશ્નો લઈને મ્યુનિસિપલ કમિશનરને મળવા ગયા હતા. આ મુલાકાતનો સમય અગાઉથી નક્કી કરવામાં આવ્યો હતો.

જોકે, કોંગ્રેસના આગેવાનો કોર્પોરેશન ઓફિસે પહોંચે તે પહેલાં જ અધિકારીઓ ત્યાંથી ગાયબ થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. આ ઘટના બાદ કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ જનતાના પૈસાના હિસાબ અને વિશ્વામિત્રી પ્રોજેક્ટમાં થયેલા કથિત ?૧૨૦૦ કરોડના ભ્રષ્ટાચાર અંગેના સવાલોથી બચી રહ્યા છે. કોંગ્રેસે જણાવ્યું હતું કે તેઓએ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને પ્રતીકાત્મક રીતે મગરનું રમકડું અને રૂપિયા આપીને વિરોધ નોંધાવ્યો હતો, જે દર્શાવે છે કે સત્તાધીશોની ચામડી મગર જેવી જાડી થઈ ગઈ છે. આ ઘટનાના વિરોધમાં કોંગ્રેસના કાર્યકરો કમિશનરની ઓફિસ બહાર બે કલાક સુધી બેસી રહ્યા હતા. પ્રમુખ ઋત્વિજ જોષીએ ચીમકી ઉચ્ચારી છે કે આવનારા દિવસોમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધની આ લડાઈને વોર્ડ સ્તરે લઈ જવામાં આવશે.


# જામનગરમાં સગીરા પર દુષ્કર્મ કેસઃ ચાર આરોપીઓને ૨૦ વર્ષની જેલ, પીડિતાને ?૫ લાખનું વળતર



જામનગરઃ
જામનગરની સ્પેશિયલ પોક્સો કોર્ટે ૧૫ વર્ષીય સગીરા પર થયેલા દુષ્કર્મના કેસમાં આજે ચુકાદો સંભળાવ્યો છે. આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કોર્ટે ચાર આરોપીઓને દોષિત ઠેરવીને ૨૦ વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે. આ સાથે કોર્ટે પીડિતાને ?૫ લાખનું વળતર ચૂકવવાનો પણ હુકમ કર્યો છે.

ઘટનાની વિગતોઃ
આ ઘટનાની ફરિયાદ ૩૧ જુલાઈ, ૨૦૨૨ના રોજ જામનગરના એક ગામમાં નોંધાઈ હતી. પીડિતાની માતાએ ૧૨ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે તેઓએ સગીરાને અલગ-અલગ સ્થળે લઈ જઈને બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. આ ઘટના બાદ સગીરાને ગર્ભ રહી ગયો હતો અને તેણે બાળકને જન્મ આપ્યો હતો.

કોર્ટનો ચુકાદોઃ
સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ આર.પી. મોંઘેરાએ ચુકાદો આપતા હરપાલસિંહ અજીતસિંહ જાડેજા, કમલેશ ઉર્ફે કવા પટેલ, બાબભા ઉર્ફે ભીખુભા જાડેજા અને મહેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાને દોષિત ઠેરવ્યા છે. તેમને પોક્સો એક્ટની કલમ ૬ હેઠળ ૨૦ વર્ષની કેદ અને ?૫,૦૦૦નો દંડ, તેમજ કલમ ૪ હેઠળ ૧૦ વર્ષની કેદ અને ?૧૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. દંડ ન ભરવાના કિસ્સામાં વધુ બે વર્ષની કેદની સજા થશે. આ કેસમાં અન્ય ૮ આરોપીઓને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. સરકારી વકીલ તરીકે મુકેશ પી. જાની અને પીડિતાના વકીલ તરીકે ધર્મેશ એચ. ગોંડલિયા, રવિરાજસિંહ કે. સોઢા અને અનિતા સી. રામવાણીની ટીમે સઘન કામગીરી કરી હતી. કોર્ટમાં લગભગ ૬ સાક્ષીઓની જુબાની અને ૭૯ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. આ ચુકાદાથી પીડિતાને ન્યાય મળ્યો છે.

# સમાજ માટે પ્રેરણા પાંચ દીકરીઓએ પિતાને કાંધ આપી અને અગ્નિદાહ કર્યો





સંવાદદાતા ગુજરાત પ્રવાસી ન્યૂઝ સાવરકુંડલા, અમદાવાદ
સાવરકુંડલાના સુથાર સમાજમાં એક અસાધારણ અને અત્યંત પ્રેરણાદાયક ઘટના જોવા મળી છે. સ્વર્ગસ્થ શ્રી ધનજીભાઈ બાબુભાઈ સોનિગરા (ઉંમર ૭૫) ની પાંચ દીકરીઓએ તેમના પિતાના અંતિમ સંસ્કારની તમામ વિધિઓ જાતે કરીને 'દીકરો-દીકરી એક સમાન'ના ઉચ્ચ વિચારને સમાજ સમક્ષ ચરિતાર્થ કર્યો છે.

સામાન્ય રીતે ધાર્મિક પરંપરાઓ અનુસાર, અંતિમયાત્રામાં કાંધ આપવા અને અગ્નિદાહ આપવાનું કાર્ય દીકરાઓ દ્વારા કરવામાં આવે છે. પરંતુ, આ પાંચ સંસ્કારી દીકરીઓએ પોતાના પૂજ્ય પિતાને અંતિમ વિદાય આપી. આ હૃદયસ્પર્શી દ્રશ્યોએ ઉપસ્થિત સૌને ભાવુક કર્યા હતા અને સમાજ માટે એક અદ્ભુત ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

શ્રી ધનજીભાઈનું ૭૫ વર્ષની વયે અવસાન થયું. તેમને કોઈ દીકરો ન હોવા છતાં, તેમની પાંચ દીકરીઓએ પુત્રની ગેરહાજરી અનુભવવા દીધી નહિ. તેમની અંતિમયાત્રામાં, પાંચેય દીકરીઓએ સ્મશાન સુધી કાંધ આપીને દીકરી તરીકેની તેમની ફરજ નિભાવી. ત્યારબાદ, સ્મશાનભૂમિમાં પણ આ દીકરીઓએ જ ચિતાને અગ્નિદાહ આપીને તેમને કોઈ દીકરો ન હોવા છતાં, તેમની પાંચ દીકરીઓએ પુત્રની ગેરહાજરી અનુભવવા દીધી નહિ. તેમની અંતિમયાત્રામાં, પાંચેય દીકરીઓએ સ્મશાન સુધી કાંધ આપીને દીકરી તરીકેની તેમની ફરજ નિભાવી. ત્યારબાદ, સ્મશાનભૂમિ માં પણ આ દીકરીઓએ જ ચિતાને અગ્નિદાહ આપીને પિતાને મોક્ષની યાત્રામાં સહાય કરી.આ પ્રસંગે હાજર સુથાર સમાજના વડીલો અને અગ્રણીઓએ આ દીકરીઓની હિંમત, શ્રદ્ધા અને પિતા પ્રત્યેની અસીમ શ્રદ્ધાને ખૂબ બિરદાવી હતી. આ ઘટના એ વાતનો સચોટ પુરાવો છે કે દીકરીઓ પણ દીકરાની જેમ જ દરેક જવાબદારી પૂરી કરી શકે છે. સ્વ. શ્રી ધનજીભાઈ એ તેમની દીકરીઓને આપેલા ઉમદા સંસ્કારોનું આ ઉત્તમ ઉદાહરણ છે. આ ઘટનાએ સાબિત કર્યું છે કે જ્યાં પ્રેમ અને શ્રદ્ધા હોય, ત્યાં પરંપરાઓ કરતાં માનવતા અને કર્તવ્યનું પાલન વધુ મહત્ત્વપૂર્ણ છે.


# વિશ્વામિત્રી પ્રોજેક્ટમાં ?૧૨૦૦ કરોડના કથિત ભ્રષ્ટાચારના આરોપ, કોંગ્રેસ મેદાનમાં





વડોદરાઃ
વરસાદની શરૂઆત સાથે જ વડોદરામાં પૂરની ભીતિ ફરી એકવાર સર્જાઈ છે, જેને લઈને રાજકીય ગરમાવો આવ્યો છે. વડોદરા શહેર કોંગ્રેસ સમિતિએ આજે વિશ્વામિત્રી નદીની સફાઈ અને ઊંડીકરણ પ્રોજેક્ટમાં કથિત ?૧૨૦૦ કરોડના ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી અને વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુભાઈ)ની આગેવાનીમાં કોંગ્રેસના કોર્પોરેટરો અને કાર્યકરોએ મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર આપ્યું હતું. કોંગ્રેસે પ્રશ્નો ઊભા કર્યા છે કે રાજ્ય સરકારે આપેલા ?૧૨૦૦ કરોડનો ખરેખર ક્યાં ઉપયોગ થયો? જો યોગ્ય સફાઈ અને ઊંડીકરણ થયું હોત તો ફરી પૂરની ભીતિ કેમ સર્જાઈ? કોંગ્રેસે આ આક્ષેપોને 'પ્રજાના વેરાના રૂપિયાનો વેડફાટ' અને 'વિકાસના નામે ભ્રષ્ટાચાર' ગણાવ્યા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને પ્રતીકાત્મક રીતે 'મગરનું રમકડું' અને 'રૂપિયા' આપીને વ્યંગ કર્યો હતો કે સત્તાધીશો મગરની ચામડી જેવા જાડા થઈ ગયા છે અને ભ્રષ્ટાચારના પૈસા ક્યાં લઈ જશે. કોંગ્રેસે સત્તાધીશોના બેંક ખાતાઓની તપાસ કરાવવા અને આ મામલે એક શ્વેતપત્ર બહાર પાડીને દરેક વોર્ડમાં ગ્રાન્ટના ઉપયોગ અંગેના બેનરો લગાવવાની પણ માંગ કરી.

મ્યુનિસિપલ કમિશનર દ્વારા મુલાકાતનો સમય આપવા છતાં સમયસર હાજર ન રહેતા, કોંગ્રેસે તેમની ઓફિસ બહાર બે કલાક સુધી બેસીને વિરોધ નોંધાવ્યો. કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીએ જણાવ્યું કે આગામી દિવસોમાં આ ભ્રષ્ટાચાર વિરુદ્ધની લડાઈને વોર્ડ સ્તરે લઈ જવામાં આવશે.


# નવરાત્રિ માટે અમદાવાદ ફાયરબ્રિગેડની કડક ગાઇડલાઇનઃ NOC ફરજિયાત, નિયમોનું પાલન જરૂરી




અમદાવાદઃ
આગામી ૨૨ સપ્ટેમ્બરથી શરૂ થતા નવરાત્રિ પર્વને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર ફાયરબ્રિગેડ દ્વારા ગરબાના આયોજકો માટે ખાસ ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. આ માર્ગદર્શિકાનો મુખ્ય ઉદ્દેશ ખેલૈયાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે.

મુખ્ય નિયમો અને પ્રક્રિયાઃ
NOC ફરજિયાતઃ આયોજકોએ ફાયર, પોલીસ અને અન્ય સંબંધિત વિભાગો પાસેથી NOC મેળવવું ફરજિયાત છે. સેલ્ફ ડિક્લેરેશનઃ આયોજકોએ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એક્ટ મુજબનું સેલ્ફ ડિક્લેરેશન ?૩૦૦ના સ્ટેમ્પ પેપરમાં ફોટો નોટરી કરાવીને રજૂ કરવાનું રહેશે.અરજી પ્રક્રિયાઃ ફાયર સેફટી સર્ટિફિકેટ (FSCAT) મેળવવા માટે આયોજકોએ https://fscop.gujfiresafªycop.in/ વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરીને, જરૂરી દસ્તાવેજોની હાર્ડ કોપી જમાલપુર ફાયર સ્ટેશનમાં સબમિટ કરવાની રહેશે.સુરક્ષાનાં પગલાંઃ માર્ગદર્શિકામાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ગરબા સ્થળે ઓછામાં ઓછા બે ઈમરજન્સી એક્ઝિટ રાખવા, પબ્લિક એડ્રેસ સિસ્ટમ રાખવી, અને ફાયર એક્સ્ટિંગ્યુશર જેવા સાધનો ઉપલબ્ધ કરાવવા જરૂરી છે. વાહન વ્યવસ્થાઃ મંડપમાં ફાયરના વાહનો આવી શકે તે માટે રસ્તાઓ ખુલ્લા રાખવા અને અવરોધક વસ્તુઓ દૂર કરવી. સ્ટ્રક્ચર અને વાયરીંગઃ સ્ટ્રક્ચર જ્વલનશીલ પદાર્થના ગોડાઉન કે હોસ્પિટલ જેવા સ્થળોથી દૂર બનાવવાના રહેશે. ઈલેક્ટ્રિક વાયરીંગ પ્રવર્તમાન નિયમો મુજબ કરાવી, તેનું પ્રમાણિત ઈલેક્ટ્રિક ઈજનેર પાસે ચેકિંગ કરાવવું જરૂરી છે.સલામતીનાં અન્ય પગલાંઃ કોઈપણ પ્રકારના ફટાકડા, રાંધવાની સામગ્રી, કે જ્વલનશીલ પદાર્થો રાખવા પર પ્રતિબંધ છે. ડીઝલ જનરેટર સ્ટેજ અને પંડાલથી દૂરના અંતરે રાખવાનું રહેશે. ઉપરાંત, દરેક ૧૦૦ ચોરસ મીટરના વિસ્તાર માટે ચોક્કસ સંખ્યામાં ફાયર એક્સ્ટિંગ્યુશર અને પાણીની ડોલ રાખવી પડશે. આ તમામ નિયમોનું પાલન કરીને જ આયોજકોને નવરાત્રિની મંજૂરી આપવામાં આવશે. ફાયર વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ સૂચનાઓ ફક્ત ફાયર સેફટી માટે છે અને આયોજકોએ પોલીસ, ટ્રાફિક અને કોર્પોરેશનના અન્ય વિભાગો પાસેથી પણ જરૂરી મંજૂરીઓ મેળવવાની રહેશે

# વિશ્વામિત્રીના પૂરથી પીલોલ ગામ બેટમાં ફેરવાયું, ગ્રામજનો મુશ્કેલીમાં

વડોદરા, (રિપોર્ટર મહેન્દ્ર સોલંકી):
રાજ્યભરમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં 'જ્યાં સ્થળ ત્યાં જળ' જેવી સ્થિતિ સર્જાઈ છે. મોટા શહેરોની સાથે સાથે નાના ગામડાઓની હાલત પણ કફોડી બની છે, જેમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકાનું પીલોલ ગામ પણ બાકાત નથી. વિશ્વામિત્રી નદીમાં નવા નીર આવવાથી પીલોલ ગામમાં સામાન્ય પૂરની સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે ગામ બેટમાં ફેરવાઈ ગયું છે. ગામના તમામ રસ્તાઓ પર પાણી ફરી વળતા ગામનો અન્ય વિસ્તારો સાથેનો સંપર્ક તૂટી ગયો છે. આ કારણે વિદ્યાર્થીઓનું ભણતર, નોકરિયાત વર્ગની અવરજવર, પશુપાલકો માટે ઘાસચારો લાવવાની મુશ્કેલી અને મેડિકલ ઈમરજન્સી જેવી અનેક સમસ્યાઓ ઊભી થઈ છે.

ગ્રામજનોએ આ પરિસ્થિતિ સામે ભારે રોષ વ્યક્ત કર્યો છે. તેમણે તંત્રને અપીલ કરી છે કે જ્યારે વડોદરા શહેરને બચાવવા માટે વિશ્વામિત્રી નદીને પહોળી કરવા પાછળ ?૧૨૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે, ત્યારે પીલોલ ગામની સમસ્યાનું પણ નિરાકરણ લાવવામાં આવે. ગ્રામજનોએ વિશ્વામિત્રીના પુલની લંબાઈ વધારવા અને પીલોલથી આસોજ જતા રસ્તા પરના રેલવે અંડરપાસમાંથી પાણી કાઢવાની કાયમી વ્યવસ્થા કરવા માંગ કરી છે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના ન બને. ગ્રામજનોએ ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ પણ આ દેશના નાગરિક અને મતદાર છે, તેથી તેમની સમસ્યાનું પણ નિરાકરણ આવવું જોઈએ.

# હાઈડ્રોપાવર પ્લાન્ટ દુર્ઘટનાઃ કોંગ્રેસે સાપરાધ માનવ વધનો ગુનો નોંધવાની માંગ કરી, સરકાર પર આકરા પ્રહારો

અમદાવાદઃ
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થિવરાજ સિંહ કઠવાડિયાએ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજીને મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલા દોલતપુરમાં હાઈડ્રોપાવર પ્લાન્ટમાં બનેલી દુર્ઘટના મુદ્દે ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે જણાવ્યું કે મોરબી બ્રિજ કાંડના આરોપી જયસુખ પટેલની જ બીજી કંપની, અજંતા એનર્જી પ્રાઈવેટ લિમિટેડના ૧૨ મેગાવોટના ટર્બાઈન પ્લાન્ટમાં ૪ સપ્ટેમ્બરના રોજ પાંચ નિર્દોષ કર્મચારીઓના ડૂબી જવાથી મૃત્યુ થયા. કઠવાડિયાએ સવાલ ઉઠાવ્યો કે કડાણા ડેમ દ્વારા ૩ લાખ ક્યુસેક પાણી છોડવાની લેખિત માહિતી હોવા છતાં કર્મચારીઓને ૨૦૦ ફૂટ નીચે કામ કરવા માટે કેમ મોકલવામાં આવ્યા? તેમણે જણાવ્યું કે જીવ ગુમાવનાર પાંચ કર્મચારીઓના મૃતદેહ જીદ્ઢઈહ્લની મહામહેનત બાદ ૫૦ કલાકે પરિવારજનોને મળ્યા હતા.

તેમણે કહ્યું કે મોરબી બ્રિજ કાંડમાં ૧૩૫ લોકોના મોત બાદ પણ અજંતા-ઓરેવા કંપનીએ કોઈ બોધપાઠ લીધો નથી. કડાણા ડેમથી પાણી છોડવાના આદેશ છતાં ૧૫ કર્મચારીઓને નીચે ઉતારવાનો આદેશ કોણે આપ્યો? આ ઘટનામાં માત્ર બેદરકારીની હળવી કલમો હેઠળ ફરિયાદ નોંધાઈ છે. કોંગ્રેસે આ ઘટનાને ગુનાહિત બેદરકારી ગણાવી અને આમાં સાપરાધ માનવ વધનો ગુનો નોંધવો જોઈએ તેવી માંગ કરી છે. કઠવાડિયાએ સવાલ કર્યો કે સરકાર કોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**